# Day to Day Current Affairs

**8.JAN 2016:**

## ૧. મુફતી મોહમ્મદ સઈદ :

- જમ્મુ કશ્મિરના મુખ્યપ્રધાન મુફતી મોહમ્મદ સઈદનું 7 જાન્યુઆરી, 2016 ગુરુવારના રોજ અવસાન .
- જન્મ – 12 જાન્યુઆરી, 1936 ના રોજ તેમનું વતન અનંતનાગ જિલ્લાના બેજબેહરા ગામે થયો હતો.
- પિપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (પીડીપી) ના સઈદ જમ્મુ કશ્મિરના 12માં CM હતાં.
- 1962માં પ્રથમ વખત વિધાનસભાની ચૂંટણી લડયા અને જીત્યા.
- 1967 માં બીજી વખત વિધાનસભાની ચૂંટણી લડયા અને નાયબ પ્રધાન બન્યા.
- 1986 માં રાજીવ ગાંધી સરકાર વખતે કેન્દ્રના પર્યટન પ્રધાન બન્યા.
- 1989 માં કેન્દ્રમાં વી.પી.સિંહની સરકાર વખતે ગૃહપ્રધાન બન્યા. સ્વતંત્ર ભારતના ઇતિહાસમાં કોઈ મુસ્લીમ રાજકારણી કેન્દ્રમાં ગૃહપ્રધાન બન્યા હોય તેવું પહેલી વખત થયું
- 1999 માં પુત્રી મહેબુબા સાથે મળીને અલગ પિપલ્સ ડેમોક્રેટીક પાર્ટીની રચના કરી.
- 2002 થી 2005 દરમિયાન પહેલી વખત તેઓ જમ્મુ કાશ્મિરના મુખ્યપ્રધાન બન્યા હતા.
- 2014 માં ભાજપના સહયોગથી ફરીવાર સતા પર આવ્યા અને બીજી વખત જમ્મુ કાશ્મિરના મુખ્યમંત્રી બન્યા.
- તેમના નિધન બાદ જમ્મુ કાશ્મિર સરકારે 7 જાન્યુઆરીના રોજ રજા અને સાત દિવસના શોકની જાહેરાત કરી.
- કેન્દ્ર સરકારે પણ સઈદના અવસાનને ધ્યાનમાં રાખી એક દિવસ રાષ્ટ્રીય ધ્વજ અડધી કાંઠીએ ફરકાવવાની જાહેરાત કરી હતી.

## ૨. ટેસ્ટમાં છેલ્લા 50 વર્ષમાં ટોપ-50 પર્ફોર્મન્સ :

- 'ક્રિકેટ મંથલી' મેગેઝીન દ્વારા દિગ્ગજ ક્રિકેટરો, ક્રિકેટ લેખકો, બ્રોડકાસ્ટર્સ, ઈતિહાસકારો અને આંકડાશાસ્ત્રીઓની 25 સભ્યોની પેનલે છેલ્લા 50 વર્ષની સર્વશ્રેષ્ઠ 50 ઈનિંગ્સની યાદી બહાર પાડી.
- આ યાદીમાં કોલકતામાં વર્ષ 2001માં ઓસ્ટેલિયા મેચમાં ભારતના વીવીએસ લક્ષ્મણની બીજી ઈનિંગના ટોચનું સ્થાન મળ્યુ છે.
- આ મેચમાં લક્ષ્મણે પ્રથમ ઈનિંગમાં 59 અને બીજી ઈનિંગમાં રાહુલ દ્રવિડ સાથે 376 રનની ભાગીદારી કરતાં 281 રન ફટકાર્યા હતા.

૩. અપૂર્વી ચંદેલા : શૂટર

- સ્વીડનના સાવજો ખાતે રમાતી સ્વીડિશ કપ ગ્રાન્ડ પ્રિક્સ શૂટિંગ ચેમ્પિયનશીપમાં ભારતની સ્ટાર મહિલા શૂટર અપૂર્વી ચંદેલાએ બે દિવસમાં બે ગોલ્ડ મેડલ જીત્યા હતા.
- ચંદેલાએ પ્રથમ ગોલ્ડ 10 મીટર એર રાઈફલમાં 211.2 પોઈન્ટ મેળવી વર્લ્ડ રેકોર્ડ પણ નોંધાવ્યો હતો.

૪. ગુજરાતની ખિલખિલાટ વાનની યોજનાનો દેશભરમાં થશે અમલ :

- કેન્દ્રીય આરોગ્ય મંત્રી જે.પી.નડ્ડાએ ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત વખતે ગુજરાતની જનની શીશુ સુરક્ષા કાર્યક્રમ હેઠળ ફ્રિ ટ્રાન્સપોર્ટેશન કરતી ખિલખિલાટ વાન યોજાનાનો દેશભરમાં અમલ કરવાની જાહેરાત કરી હતી.
- આ જાહેરાત તેમણે ઈન્ડિયન એસોસીએશન ઓફ પ્રિવેન્ટીવ એન્ડ સોશીયલ મેડિસીનની 43 મી રાષ્ટ્રીય કોન્ફરન્સનું ઉદ્દઘાટન કરતાં કરી હતી.

૫. વર્લ્ડ બેડમિન્ટન રેન્કિંગ :

- બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન વર્લ્ડ રેન્કિંગની યાદી જારી કરી હતી.
- આ યાદી મુજબ જૂનિયર બેડમિન્ટનના સિંગલ્સમાં ભારતના સિરિલ વર્માએ ટોચનું સ્થાન મેળવ્યુ છે.
- જૂનિયર વિભાગમાં પ્રથમ સ્થાને પહોંચનાર સિરિલ વર્મા પ્રથમ ભારતીય છે.
- આ યાદીમાં ત્રીજા સ્થાન પર અન્ય ભારતીય ચિરાગ સેનને સ્થાન મળ્યુ છે.
- સિરેલે માત્ર 13 વર્ષની ઉમરે 2013 માં એશિયન જૂનિયર ચેમ્પિયનશીપનું ટાઇટલ જીત્યુ હતુ.
- સિનિયર વિભાગની રેન્કિંગમાં ભારતની સાઈના નેહવાલ મહિલા વિભાગમાં બીજા ક્રમ પર છે.
- મહિલા ડબલ્સમાં ભારતની જવાલા ગટ્ટા અને અશ્વિનની યોનપ્પાની જોડી 14માં સ્થાને છે.
- તેમજ સિનિયર પુરુષ વિભાગમાં કિદામ્બી શ્રીકાંત નવમાં ક્રમે છે.

Vivekanand Academy, Gandhinagar